# સ્પેનમાં બે હાઈ-સ્પીડ ટ્રેનો વચ્ચે ભીષણ ટક્કર: 68નાં મોત

**મેડ્રિડથી** સેવિલે જઈ રહેલી ખાનગી કંપની ઈરિયોની ટ્રેન ઉભી હતી ત્યારે રેનફેની ટ્રેને પાછળથી ટક્કર મારી, 58 ઈજાગ્રસ્ત

**ડબ્બાઓના** કુરચેફરચા ઊડી ગયા, સેના અને રેસ્ક્યૂ ટીમો તૈનાત સ્પેનના રાજા ફિલીપે છઠ્ઠાએ સીધા ઘટનાસ્થળની મુલાકાત લીધી

બાર્સેલના, તા. 28 (એપી): સ્પેનના ટોલેડો પ્રાંતમાં બુધવારે સવારે બે હાઈ-સ્પીડ ટ્રેનો વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં ઓછામાં ઓછા 68 મુસાફરોનાં મોત થયાં છે અને 58 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

મળતી વિગતો મુજબ, પાટનગર મેડ્રિડથી સેવિલે તરફ જઈ રહેલી ખાનગી રેલ કંપની 'ઈરિયો'ની હાઈ-સ્પીડ ટ્રેન કોઈ કારણોસર ટ્રેક પર ઊભી રહી ગઈ હતી. આ દરમિયાન પાછળથી આવી રહેલી સરકારી રેલ કંપની 'રેનફે'ની ટ્રેને તેને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભીષણ હતી કે બંને ટ્રેનોના અનેક ડબ્બાઓ ટ્રેક પરથી નીચે ઊથલી પડ્યા હતા અને પતરાની જેમ ચૂરચૂર થઈ ગયા હતા. દુર્ઘટના સમયે બંને ટ્રેનોમાં કુલ 544 મુસાફરો સવાર હતા. ઘટના બાદ મેડ્રિડ અને એન્ડાલેસિયા વચ્ચેની તમામ ટ્રેન સેવાઓ સ્થગિત કરી દેવામાં આવી છે.

સરકારે પુષ્ટિ કરી છે કે આ અકસ્માતમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા વધીને ઓછામાં ઓછી 68 થઈ ગઈ છે.

સ્પેનના પરિવહન મંત્રીએ જણાવ્યું હતું કે આ દુર્ઘટના સેન્ટ્રલ કમાન્ડ સેન્ટરના એક 'અસ્પષ્ટ' આદેશના કારણે સર્જાઈ હતી અને તેમાં ટ્રેન એન્જિનિયરોની કોઈ ભૂલ નહોતી.

સવારે 8:30 વાગ્યે કમ્પ્યુટર સિસ્ટમમાં ખરાબી સર્જાવાને કારણે 63 કિલોમીટરના વિસ્તારમાં સુરક્ષા સિસ્ટમ કામ કરતી અટકી ગઈ હતી, જેનાથી ત્યાં તમામ ટ્રેનો ઊભી રહી ગઈ હતી.

અકસ્માત બાદ ઈમરજન્સી સેવાઓ દ્વારા બચાવ કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવી છે અને ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. સ્થિતિની ગંભીરતાને જોતાં સ્થાનિક હોસ્પિટલો દ્વારા તાત્કાલિક રક્તદાન કરવા માટે પણ અપીલ કરવામાં આવી છે. પ્રત્યક્ષદર્શી મુસાફરોના જણાવ્યા મુજબ ટક્કર એટલી ભયાનક હતી કે ડબ્બાઓમાં સવાર લોકો એકબીજા પર પટકાયા હતા અને ચારેય તરફ ચીસાચીસ મચી ગઈ હતી.

સ્પેનના રાજા અને રાણી તેમજ યુરોપિયન યુનિયનના વડાએ પણ આ કરૂણ હોનારત અંગે શોક વ્યક્ત કર્યો છે. સ્પેનના રાજા ફિલીપે છઠ્ઠાએ સીધા ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને પીડિત પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

સ્પેનના ટ્રેન કામદારોના યુનિયનના પ્રવક્તા જોઆન રોડ્રિગ્ઝે જણાવ્યું હતું કે રેલવે નેટવર્કના ખાનગીકરણને કારણે ટ્રેનોની અવરજવર વધી છે, જેનાથી રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વધારાનું ભારણ આવ્યું છે.

સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા મુજબ રાહત અને બચાવ કામગીરી માટે મિલિટરી ઈમર્જન્સી બ્રિગેડ, ફાયર બ્રિગેડ અને હેલિકોપ્ટર્સ તૈનાત કરવામાં આવ્યા છે. સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાંચેઝે આ અકસ્માત અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી પોતાના તમામ કાર્યક્રમો રદ કર્યા છે. બીજી બાજુ આ ગંભીર દુર્ઘટનાના કારણે સ્પેનની સોકર ફેડરેશને બુધવારે યોજાનારી કોપા ડેલ રેની તમામ 24 મેચો મોકૂફ રાખી છે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષના જાન્યુઆરી મહિનામાં પણ સ્પેનમાં થયેલી ટ્રેન દુર્ઘટનામાં 45 લોકોનાં મોત નીપજ્યાં હતાં.

## યુએન મહાસભામાં અમેરિકા અને ક્યુબાના પ્રતિનિધિઓ વચ્ચે ભારે હંગામો

**આ** યુનાઇટેડ સ્ટેટ્સ છે, પાછળ ખસો!' યુએનમાં ભડક્યા અમેરિકી રાજદૂત

**ક્યુબાના** નેતાઓની 40,000 ડોલરની રોલેક્સ ઘડિયાળો પર સવાલ ઉઠાવતા જ પોડિયમ પાસે ઘમાસાણ મચ્યું

ન્યૂયોર્ક, તા. 28: સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં મંગળવારે ક્યુબા વિરુદ્ધના આર્થિક અને વેપાર પ્રતિબંધોના પ્રસ્તાવ પર મતદાન અગાઉ અમેરિકા અને ક્યુબાના પ્રતિનિધિઓ વચ્ચે ભારે હંગામો અને તીખી બોલાચાલી થઈ હતી. આ બેઠક દરમિયાન અમેરિકી રાજદૂત માઇક વોલ્ટ્ઝે ક્યુબા સરકાર પર ગંભીર ભ્રષ્ટાચાર અને નેતાઓની આલીશાન જીવનશૈલીના આક્ષેપો કર્યા હતા. પોતાના સંબોધન વખતે વોલ્ટ્ઝે ક્યુબાના પૂર્વ નેતા ફિદેલ કાસ્ટ્રો અને વર્તમાન રાષ્ટ્રપતિ મિગુએલ ડિયાઝ-કાનેલની તસવીરો બતાવી હતી, જેમાં તેઓ અંદાજે 40 હજાર ડલર કિંમતની રોલેક્સ ઘડિયાળો પહેરેલા નજરે પડ્યા હતા. વોલ્ટ્ઝે દાવો કર્યો હતો કે આ ઘડિયાળોની કિંમત ક્યુબાના સામાન્ય નાગરિકની વર્ષોની કમાણી જેટલી છે.

વિવાદ ત્યારે ચરમસીમાએ પહોંચ્યો જ્યારે ક્યુબાના વિદેશ મંત્રી બ્રુનો રોડ્રિગ્ઝ પારિલા નિયમોનો હવાલો આપીને અચાનક પોડિયમની નજીક આવી પહોંચ્યા અને અમેરિકી રાજદૂત પર જૂઠાણા ફેલાવવાનો આક્ષેપ કર્યો. પરિસ્થિતિ વણસતા અમેરિકી રાજદૂત માઇક વોલ્ટ્ઝે કડક શબ્દોમાં ક્યુબાના મંત્રીને સંબોધતા કહ્યું, 'પાછળ ખસો! તમે શું સમજો છો કે તમે કોની સાથે વાત કરો છો? આ યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા છે, પાછળ ખસો!' આ તીખા વિવાદ અને અરાજકતાને કારણે યુએન મહાસભાની કાર્યવાહી અસ્થાયી રૂપે સ્થગિત કરવી પડી હતી. મીડિયા રિપોર્ટ્સ મુજબ આ વિવાદ બાદ ક્યુબાના પ્રતિનિધિઓ દ્વારા અમેરિકી રાજદૂતના પ્રવક્તા સાથે હાથાપાઈ અને કેમેરા છીનવી લેવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. બીજી તરફ, ક્યુબાના વિદેશ મંત્રીએ અમેરિકા પર અન્ય દેશો પર દબાણ લાવવાનો અને લાદવામાં આવેલા નવા ઇંધણ તથા આર્થિક પ્રતિબંધોથી ક્યુબામાં ગંભીર માનવીય સંકટ પેદા કરવાનો આક્ષેપ કર્યો હતો.

## 'મોદી કહીં નહીં જાયેગા': ખડગે સામે ભાજપે ગીત લૉન્ચ કર્યું

નવી દિલ્હી, તા. 28 (PTI) નરેન્દ્ર મોદી વિશે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની 'બાપ'વાળી ટિપ્પણી સામે પોતાના સોશિયલ મીડિયા પ્રચાર તેજ કરતાં ભાજપે આ વાતને ભારપૂર્વક રજૂ કરવા માટે એક ગીત જાહેર કર્યું છે કે, વડા પ્રધાન ક્યાંય જઈ રહ્યા નથી. કારણ કે, તેમને જનતાએ 'પસંદ કર્યા' છે. ભાજપના અગ્રણી નેતાઓથી લઈને કેન્દ્રીય મંત્રીઓ અને પાર્ટીના અનેક હોદ્દેદારો સુધીના તમામ લોકોએ વડા પ્રધાન મોદીના વિવિધ ચિત્રો ધરાવતા આ ગીતને ટેગ કરીને એક્સ અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોતાની પોસ્ટ્સનો મારો ચલાવ્યો હતો. ભાજપના નેતાઓ સંબિત પાત્રા, પીયૂષ ગોયલ, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ પણ આ મ્યુઝિક વીડિયો પોતાના સંબંધિત એક્સ હેન્ડલ પર શેર કર્યો હતો. આ ગીત વડા પ્રધાન સામે કોંગ્રેસની ટિપ્પણીઓ પર નિશાન સાધતાં વારંવાર ભારપૂર્વક કહે છે, "મોદી કહીં નહીં જાયેગા" (મોદી ક્યાંય નહીં જાય). આ ગીતમાં કહેવામાં આવ્યું છે કે, "...આંખેં ઝુકા લો, કાન ખોલ કે સુન લો, મોદી કહીં નહીં જાયેગા, મોદી કહીં નહીં જાયેગા" (આંખો ઝૂકાવી લો અને કાન ખોલીને સાંભળી લોઃ મોદી ક્યાંય નહીં જાય, મોદી ક્યાંય નહીં જાય).

## 'ટાટા જૂથનો અપરાધિક નાશ થઈ રહ્યો છે': રાહુલ ગાંધી અને સીતારમણ સામસામે

**ટાટા** જૂથના વિવાદ પર રાજકારણ ગરમાયું રાહુલે કહ્યું કે કોઈ ઉદ્યોગપતિ બોલવાની હિંમત નથી કરતા નાણામંત્રી

**સીતારમણે** રાહુલ પર ઉદ્યોગપતિઓને ભડકાવવાનો આક્ષેપ મૂક્યો

**તમારા** ઉદ્યોગપતિ મિત્રોને બાદ કરતા બાકીના તમામ ઉદ્યોગો તમારી સરકારથી નફરત કરે છે: રાહુલ

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઈ): કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને નાણામંત્રી નિર્મલા સીતારમણ વચ્ચે બુધવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર તીખી શાબ્દીક લડાઈ જોવા મળી હતી.

ટાટા જૂથમાં ચાલી રહેલા નેતૃત્વ વિવાદ વચ્ચે રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે આ મોટા ઉદ્યોગસમૂહનો 'અપરાધિક નાશ' કરવામાં આવી રહ્યો છે અને કોઈ પણ ઉદ્યોગપતિ આ અંગે બોલવાની હિંમત કરી રહ્યો નથી. તેમણે દાવો કર્યો હતો કે અમે આ અપરાધો માટે ચોક્કસ ન્યાય સુનિશ્ચિત કરીશું.

રાહુલ ગાંધીના આ નિવેદન સામે આક્રમક વલણ અપનાવતા નાણામંત્રી નિર્મલા સીતારમણે પલટવાર કર્યો હતો કે કોંગ્રેસ નેતા દરેક મુદ્દાનું રાજકીયકરણ કરવાનું બંધ કરે અને ઉદ્યોગપતિઓને અવિશ્વાસ ફેલાવવા માટે ઉશ્કેરવાનો પ્રયાસ ન કરે. સીતારમણે જણાવ્યું કે મોદી સરકાર ભારતીય ઉદ્યોગોને રોજગારી સર્જક અને આર્થિક વિકાસના એન્જિન તરીકે માને છે. સીતારમણે કોંગ્રેસના જૂના 'લાઈસન્સ-કોટા રાજ'ની યાદ અપાવતા કહ્યું કે કોંગ્રેસે હંમેશાં ભારતીય સાહસિકોના ઉત્સાહને દબાવવાનું કામ કર્યું છે.

નાણામંત્રીના પલટવાર પર વળતો પ્રહાર કરતા રાહુલ ગાંધીએ વધુ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે, કયા કાયદાકીય અને વાણિજ્યિક મામલા હેઠળ ટાટા ટ્રસ્ટ્સ અને ટાટા સન્સની બેઠક અમિત શાહના નિવાસસ્થાને યોજાઈ હતી? તેમણે સવાલ કર્યો હતો કે સરકારના ખાસ મિત્રો ક્યારે મેદાનમાં આવશે અને તેમને ટાટાના કયા હિસ્સા મળવાના છે? રાહુલે ઉમેર્યું હતું કે તમારા ગણતરીના મિત્રોને બાદ કરતા દેશના બાકીના તમામ ઉદ્યોગો તમારી સરકારથી નફરત કરે છે અને તેમને ઉશ્કેરવાની કોઈ જરૂર નથી.

## મધ્ય પ્રદેશમાં બુટલેગરે નકલી દારૂ બનાવવા એઆઈનો ઉપયોગ કર્યો

**આ** નકલી દારૂ પીવાથી અનેક લોકોનાં મોત થયાંનો ગ્રામજનોનો દાવો

ઈન્દોર, તા. 28 (PTI): મધ્ય પ્રદેશના દેવાસ જિલ્લામાં પોલીસે એક રેકેટનો પર્દાફાશ કર્યો છે, જેમાં કેમિકલનો ઉપયોગ કરીને નકલી દારૂ કેવી રીતે બનાવવો તે શીખવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આરોપ છે. આ ઘટનાને કારણે એક દુર્ઘટના સર્જાઈ છે જેમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ગ્રામજનો દાવો કરી રહ્યા છે કે, મૃત્યુઆંક 10ની આસપાસ છે.

આ ગેરકાયદેસર પ્રવૃત્તિના સંબંધમાં અત્યાર સુધીમાં 10 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ મોડસ ઓપરેન્ડીમાં કેમિકલયુક્ત ઘરે બનાવેલા આલ્કોહોલને અસલી દારૂ સાથે ભેળવીને ભંગારના વેપારીઓ પાસેથી મેળવેલી બ્રાન્ડેડ દારૂની ખાલી બોટલોમાં પેક કરી મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારોમાં વેચાણ કરવામાં આવતું હતું. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

સ્થાનિક ગ્રામજનો અને વિપક્ષ કોંગ્રેસે દાવો કર્યો હતો કે, સપ્ટેમ્બરના અંતથી ઓક્ટોબરના મધ્ય સુધીમાં આ વિસ્તારમાં ઝેરી દારૂ પીવાથી અનેક લોકોનાં મોત થયાં છે અને ડઝનબંધ લોકોએ દૃષ્ટિ ગુમાવી દીધી છે. જોકે, શરૂઆતમાં જિલ્લા વહીવટીતંત્રે આ આરોપો નકારી કાઢ્યા હતા, પંરતુ રાજ્ય સરકારે હસ્તક્ષેપ કર્યા બાદ કાર્યવાહી કરવામાં આવી હતી.

દેવાસ કોતવાલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ શશિકાંત ચૌરસીયાએ જણાવ્યું હતું કે, સોમવારે છ કાર્ટન દેશી દારૂ જપ્ત કર્યા બાદ અટકાયત કરાયેલા શંકાસ્પદોની પૂછપરછ દરમિયાન આ ગેરકાયદેસર યુનિટનો ખુલાસો થયો હતો.

## ઈંધણનો ભાવ વધતાં લક્ઝરી ક્રૂઝ થંભી, મુસાફરો રઝળ્યા

**બે** વર્ષ પહેલાં વૈશ્વિક સફર પર નીકળેલા ક્રૂઝનો ઈરાન યુદ્ધના કારણે ઈંધણનો માસિક ખર્ચ વધતા મુસાફરોને અધવચ્ચે જ ઉતાર્યા

**3** વર્ષની વૈશ્વિક સફરે નીકળેલું 'ઓડિસી' શિપ કમ્બોડિયામાં ઠપ્પ, સર્વસ્વ વેચીને નીકળેલા 203 મુસાફરો અટવાયા

**કાયમી** ઉપયોગમાં લઈ શકાય તેવા સ્યુટની કિંમત આશરે 2,30,000 ડોલરથી શરૂ થતી હતી

**કરોડો ખર્ચીને 'કાયમી ઘર' ખરીદનારા મુસાફરોને અજાણ્યા દેશમાં ઉતારી દેવાતાં આક્રોશ**

વાયોમિંગના નિવૃત્ત દંપતી પોલ અને લિન મોન્ટોયાએ જણાવ્યું કે કંપની મેનેજમેન્ટમાં નિષ્ફળ રહી હતી. માત્ર ઈંધણ જ નહીં, પરંતુ પ્રવાસના રૂટમાં સતત ફેરફાર, ખરાબ ઇન્ટરનેટ અને ઘટતી જતી ખોરાકની ગુણવત્તાના કારણે અગાઉ પણ ઘણા રહેવાસીઓ શિપ છોડીને જતા રહ્યા હતા. મુસાફરો પાસેથી વારંવાર ઈંધણ અને અન્ય ખર્ચ માટે વધારાના નાણાં માગવામાં આવતા હતા અને ક્રૂ સભ્યોને પણ પગાર આપવામાં આવ્યો ન હતો. 69 વર્ષીય કેરોલ લારસન અને તેમની બહેન ક્રિસ્ટલ લેવરિંગે જણાવ્યું કે આ અનુભવ અદ્ભુત હતો. કેરોલે આ સફર પાછળ 120,000 ડોલર હસેથી ચૂકવ્યા હતા. તેમનું સ્વાસ્થ્ય પણ સુધર્યું હોવા છતાં, તેમણે ઈરાન યુદ્ધને કારણે વધેલા ઈંધણના ભાવ અને ખરાબ મેનેજમેન્ટ માટે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને દોષિત ગણાવ્યા હતા.

ફ્નોમ પેન્હ (કમ્બોડિયા), તા. 28 (એપી): વિશ્વભરમાં ત્રણ વર્ષની વૈશ્વિક સફર માટે બે વર્ષ પહેલાં ઉપડેલા અમેરિકી લક્ઝરી ક્રૂઝ શિપ 'ઓડિસી'એ ઈંધણના વધતા ખર્ચના કારણે કમ્બોડિયાના સિહાનૌકવિલે બંદરે પોતાની તમામ સેવાઓ અચાનક સ્થગિત કરી દીધી હતી. આ નિર્ણયના કારણે ક્રૂઝ પર રહેતા આશરે 203 મુસાફરો બેઘર બની ગયા છે અને અજાણ્યા દેશમાં અટવાઈ પડ્યા છે.

ફ્લોરિડા આધારિત 'વિલા વી રેસિડેન્સિસ' કંપનીએ ખુલાસો કર્યો હતો કે ઈરાન યુદ્ધના કારણે એશિયાના વિસ્તારોમાં પ્રતિ કેબિન ઈંધણનો માસિક ખર્ચ 1,800 ડોલરથી વધીને 6,000થી 8,000 ડોલર સુધી પહોંચી ગયો છે, જેનાથી કંપની ભારે નાણાકીય સંકટમાં મુકાઈ ગઈ છે. ઓક્ટોબર 2024માં સફર શરૂ કરનાર આ શિપ પર સવાર મુસાફરોને કમ્બોડિયાના બંદરેથી માત્ર સાત કલાકની નોટિસ આપીને તમામ સામાન સાથે શિપ ખાલી કરી દેવા આદેશ અપાયો હતો.

ઓપરેટર દ્વારા આ શિપની કેબિનને 'કાયમી ઘર' તરીકે વેચવામાં આવી હતી, જેમાં જહાજના આયુષ્ય સુધી ઉપયોગમાં લઈ શકાય તેવા સ્યુટ (Suite)ની ખરીદી કિંમત આશરે 230,000 ડોલરથી શરૂ થતી હતી.

મુસાફરોનો આક્ષેપ છે કે કંપનીએ કમ્બોડિયાના શહેરમાં બસ દ્વારા ઉતારી દીધા બાદ હોટેલ કે રહેવાની કોઈ વ્યવસ્થા કરી આપી નથી. અનેક નિવૃત્ત લોકો અને વર્ક ફ્રોમ હોમ કરતા મુસાફરોએ આ ક્રૂઝમાં રહેવા પોતાનું સર્વસ્વ વેચી દીધું હતું.

બહામાસના ધ્વજ હેઠળ 156 ક્રૂ સભ્યો સાથે 15 દેશોના નાગરિકોને લઈ જતું આ જહાજ હવે વિયેતનામ તરફ જઈ શકશે નહીં.

## રાત્રે 11થી સવારે 5 વાગ્યા વચ્ચે ટ્રેનોમાં ચાર્જિંગ પોઈન્ટ બંધ રાખવા રેલવે બોર્ડનો કડક આદેશ

**પાવર** બેંક બ્લાસ્ટની ઘટના બાદ રેલવેએ 2014ના નિયમનું ચુસ્ત પાલન કરવા તમામ ઝોનને નિર્દેશ આપ્યા

નવી દિલ્હી, તા. 28 (PTI): રેલવે બોર્ડે તેના તમામ ઝોનને 2014ના આદેશનું પાલન કરવા જણાવ્યું છે, જેમાં આગની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કોચમાં મોબાઈલ ફોન અને લેપટોપના તમામ ચાર્જિંગ પોઈન્ટ રાત્રે 11 વાગ્યાથી સવારે 5 વાગ્યા વચ્ચે બંધ રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

બોર્ડે તેના 26 ઓક્ટોબરના રોજ લખેલા પત્રમાં જણાવ્યું છે કે, "તાજેતરમાં, એસઈઆર (સાઉથ ઈસ્ટર્ન રેલવે)માં એક ઘટના બની છે જ્યાં ઓનબોર્ડ સ્ટાફે આ સમયગાળા દરમિયાન મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ બંધ કર્યા ન હતા. ત્યાર બાદ, ચાર્જિંગ દરમિયાન મુસાફરની પાવર બેંકમાં ધુમાડા સાથે ધમાકો થયો હતો."

પત્રમાં જણાવાયું છે કે, "ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખીને તમામ ઝોનલ રેલવેને સંબંધિત સ્ટાફને મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ્સ રાત્રે 11 વાગ્યાથી સવારે 5 વાગ્યા સુધી અચૂક બંધ રહે તે અંગે ચુસ્ત પાલન સુનિશ્ચિત કરવા માટે જરૂરી સૂચનાઓ આપવાની સલાહ આપવામાં આવે છે." અને ઉમેર્યું હતું કે આ બાબતે કોઈ છૂટ આપવામાં આવશે નહીં.

બોર્ડે ઝોનને વધુમાં નિર્દેશ આપ્યો છે કે, આ સૂચનાઓનું અસરકારક અમલીકરણ અને પાલન થાય તે માટે સંબંધિત સ્ટાફને યોગ્ય રીતે તાલીમ આપવામાં આવે.